पले सदाचारमये समास्तीर्यन्त आपदः ।
पलेऽसदाचारमये समास्तीर्यन्त आपदः ॥

*　　*　　*

*　　*　　*

સદાચાર-બળે બધા દુઃખો તરી જવાય છે
અસદાચાર-બળે તમામ દુઃખો પથરાવા માંડે છે

न्यायविजय

धर्मप्रभावक-ग्रन्थावली-३

मुनिमहाराज श्रीन्यायविजय-

विरचित

दीनाक्रन्दनम् ।

[द्वात्रिंशिका]

प्रति १०००] वीर सं २४६३, वि सं १९९३ [धर्म सं १५

कार्तिक-पौर्णमासी

मू. ०-२-०

प्रकाशक—
श्री राजमलजी समदडीया,
मन्त्री, श्री जैनज्ञानमन्दिर
मचर [जि० पुना]

आर्थिक सहायक—

रु २५ शेठ मोतीचद दलीचद, जुन्नर (पुना)
रु २५ डॉ अमीचद छगनलाल शाह, सुरत
रु १० शेठ मोतीलाल वीरचद, वडोदरा
रु ५ शा कचुभाई पानाचद, जुन्नर

वडोदरा
लुहाणामित्र स्टिम प्रिंटिंग प्रेसमां
अंबालाल वि ठक्करे प्रकाशकने माटे
छाप्युं ता २०-१२-३६

दीनाक्रन्दनम् ।

The Wailings of the Helpless

BY

Nyayavisharada Nyayatirtha
Muni Maharaja Nyayavijayaji

Translated into English

BY

Dayabhai Maganlal Parikh,
B A, LL B,
Pleader High court, Baroda

November, 1936

PREFACE

Nyāyavishārada-Nyāyatirtha Muni Mahārāja Shree Nyāyavijayaji—the writer of this book, is a famous Jaina monk He is both saint and scholar He, a magnanimous Jaina ascetic, fascinates the general public by his saintly character, breadth of mind, religious tolerance, impartial attitude and universal love His preachings and teachings *clearly show* how liberal, how impartial, how affable his heart is to the people of every religion Public lectures are very grandly delivered by him very often wheresoever he passes His profound learning is highly appreciated by a great number of learned scholars Eastern as well as Western, who *have been impressed by his* vast knowledge through having come in personal contact with him, or in other ways

Several books written by him, have been

published Highly commendable is his mastery over the Sanskrita language, in which he has written very valuable works which, the Sanskrita scholars of the world, who have had an opportunity to view them, highly admire He has also attempted in his writings to teach that the Truth being the same one for the whole mankind, religious or sectarian hostility deserves to be cast off Then again he lays in his preachings, great stress upon this important matter on which mainly depends the way of peace social, national or individual

Some Sanskrita works of Muni Maharaja, have been translated into English by worthy learned men, among whom Dr B Bhattā charya, M A, Ph D Rājaratna, Director, Oriental Institute, Baroda, a highly eminent scholar, in his preface to Vira-Vibhuti (The Grandeur of Vira) which has been beautified by his English translation, says at the end —

" Lastly, I have to express my gratitude to Muni Nyayavijayaji for his kindness in entrusting me with the work of translating this important work in English, and for his trust in me an alien in point of religion Indeed, I have had many opportunities of coming into close contact with this great soul, and I have learnt how to respect one who has embraced cheerfully all the miseries of life in order that others may enjoy happiness A few such eminent saints, a few such torch-bearers of light—will keep up the reputation of any country as the greatest home of piety, righteousness and virtue I had much hesitation in undertaking this work, but to me Muni Shri s word is an order "

The readers can see that Muni Maharaja's style of the Sanskrita verses in this small book, is simple as well as smooth and lucid Anybody with an elementary knowledge of the language, can easily understand the

કર્મવાદની ઉપયોગિતા સુખ-દુઃખના સમયમાં સમતા જાળવી રાખવા-
માં અને સત્કાર્ય તરફ ઉદ્યત થવામાં સ્પષ્ટ અનુભવાય છે શુદ્ધ
ઇશ્વરવાદી નિર્મળ ભક્તિને વિકસાવી પ્રભુ પ્રત્યેના પ્રેમમા નિમગ્ન
બની પોતાના ચારિત્રને સમુન્નત બનાવશે અને એ રીતે ઇશ્વરવાદ
એના જીવનને કલ્યાણકારક બનશે તેમ શુદ્ધ ભાગ્યવાદી સુખના
વખતમા ઘમંડી નહિ થશે અને દુઃખના સમયમાં દીન-હીન-કાયર
નહિ બનશે. પરન્તુ એ બધી પરિસ્થિતિઓને કર્મના ખેલો સમજી
મનની સમતા (Balance of mind) જાળવી રાખશે, અને
વિવેક તથા ડહાપણથી તે પુનર્જન્મવાદી માણસ, સત્કર્મ કે
સત્પુરુષાર્થથી પ્રારબ્ધ કર્મોને નિવારી શકાય છે અને એ રીતે
આત્મવિકાસના માર્ગ પર પ્રગતિ કરતાં પોતાના જીવનને અધિકાધિક
સુખી બનાવી શકાય છે એ પ્રકારની સુદૃષ્ટિથી પોતાના જીવનને
સમુન્નત બનાવવા પ્રયત્નશાળી થશે આમ, ઇશ્વરવાદ તથા કર્મ-
વાદની પાછળ શું આશય છે અને વાસ્તવિક રીતે તે કેવા પરિણામ-
કારક છે એ સમજી શકાય તેમ છે એ બંને સિદ્ધાંતોનો અર્થ એ નથી
જ કે, લમણા પર હાથ મૂકી નિષ્ક્રિય બેસી રહેવું એ બન્ને મહાન્
સિદ્ધાન્તવાદોનો નિષ્ક્રિયતા સાથે સંબંધ જ નથી એ નિષ્ક્રિયતાનો
પાઠ નથી પઢાવતા, પણ કર્તવ્યપરાયણ બનવાની શિક્ષા આપે છે
એટલું જ નહિ, પણ સાચા કર્મવીર બનવા માટે ખરો મસાલો
એજ પૂરો પાડે છે જીવનની ગ્લાનિ દૂર કરવામાં આત્માને ધીરજ
બંધાવવામાં તેમજ સંતોષ તથા શાંતિ અર્પવામાં અને સદાચરણની
પ્રેરણા અર્પવામાં એ બંને સિદ્ધાન્તવાદો જબરદસ્ત પ્રાણવાન્ છે

મૂઢ દષ્ટિના માણસોથી કોઇ મહાન્ વસ્તુનો દુરુપયોગ થાય એ બનવાજોગ છે, પણ એથી તે વસ્તુની કિંમત ઓછી થતી નથી એજ પ્રમાણે આ મહાન્ સિદ્ધાન્તોનો પણ ખરો લાભ લેવામાં ચૂક થવી સંભવે જ, પણ એથી એમની મહત્તા અને ઉપયોગિતામાં કમી આવતી નથી સંસારમાં સર્વાધિક પ્રેમભાજન માતા ગણાય છે તેની આગળ બાળક જેમ કાલો બને છે, અને એમ કરતો આનંદરસ પીએ છે, તેમ પ્રભુ આગળ ભક્ત જન ભક્તિના ઉભરામાં કાલો બની જાય છે, અને એ હાલતમાં સાત્ત્વિક પ્રેમરસનો ઉપભોગ કરે છે આ રીતે એને પોતાના જીવન અને આચરણની શુદ્ધિ કરવાનો માર્ગ પણ સરળ થાય છે પ્રભુનો ભક્ત થઇને આચરણનો મલિન હોય, તો એ મેળ બેસે જ કેમ ? એ સ્વામિ-સેવકની જોડી જ નથી બનતી. ભક્તને તો ભક્તિના રંગે સદાચરણી થવું જ હું અને તો જ પ્રભુની સાથે એનો મેળ સધાય નિર્મળ આત્મા સાથે મલિન આત્માનો મેળ કેવો ? આમ ભક્તિનું પર્યવસાન આચરણની શુદ્ધિમાં જ આવે છે, અને આવવું જ જોઇએ ત્યારે જ અને તેમાં જ ભક્તિની સફલતા છે

અને હું તો ત્યાં સુધી કહી શકું કે ઇશ્વરવાદ એકવાર અસિદ્ધ રહી જાય, તોયે બુદ્ધિભાવિત ભાવનાવિરાજિત ઇશ્વર હૃદયને સાન્ત્વન અને જીવનને ગતિ આપવામાં સ્પષ્ટ પરિણામકારક છે એટલે ઇશ્વરવાદનો આસરો જીવનને બહુ આશ્વાસનરૂપ અને પ્રેરકરૂપ છે એમ અનુભવ પરથી કહી શકાય છે

માનવીય પરિસ્થિતિ અને લાગણીનાં સ્વાભાવિક અને સાધારણ પ્રતિબિમ્બો આ કાવ્યમાં રજુ કરાયલાં છે એથી દુનિયાના કોઇ પણ મજહબ કે કોમના માણસને આ કાવ્ય પોતાની સાથે એકદમ જ બંધબેસતું (Fit) થઇ જાય તેવું હોવાથી દરેક મનુષ્ય આનો સરસ વૃત્તિથી ઉપયોગ કરી શકશે. આ સ્તોત્રમાં જગત્કર્તૃત્વની ભાવનાના ભરપૂર રંગો ભરીને પણ છેવટે જઇ તેનો ખુલાસો પણ એટલી જ સ્પષ્ટતાથી કરી દેવામાં આવ્યો છે એટલે દાર્શનિક ગેરસમજુતીને અવકાશ મળવા જેવું રાખ્યું નથી કાવ્યના અન્તિમ શ્લોકમાં ઇશ્વરના મુખ્ય લક્ષણભૂત ગુણો બતાવી ઇશ્વર તત્ત્વની ચોખ્ખટમાં સંદિગ્ધ સ્થિતિ રહેવા દીધી નથી આ પ્રમાણે દાર્શનિક સિદ્ધાન્તના મેળને ઇજા પણ ન પહોંચે અને ભકતજનના ભક્તિરસોચિત વિમલ અને સરસ ચાપલની મજા પણ લેવાય એ બને કામ આની અન્દર સાવધાની રાખી સાધી લીધાં છે મારા જીવને ભક્તિરસ મૂળથી જ ગમે છે અને પ્રેમનો લોલુપ છુ એથી આ પ્રકારના વાઙ્મયનું પાન કરવા વધુ સરસ વૃત્તિથી દોરાઉં છું અને માનસ ઊર્મિના વ્હેણ સમુત્તેજિત થતાં યથાશક્તિ નવસર્જન પણ કરૂં છું જેમાંનું એક આ પણ

તા ૩-૧૧-૩૬
મચર (જિ પુના) }

ન્યાયવિજય

दीनाक्रन्दनम् ।

DINAKRANDANAM

THE

Wailings of the Helpless

Who am I, a poor and miserable wretch as compared with Thee the Lord of the three worlds ! Joy overflows my heart, as I behold Thee to-day !

卐

त्रैलोक्य-देवता क्व त्वं
    दीन-हीन क्व मादृश ! ।
पश्यतस्त्वामहो ! अद्य
    नानन्दो माति मे हृदि ! ॥ १ ॥

卐

ત્રૈલોક્યનાથ, વિશ્વદેવતા તુ ક્યા અને મારા જેવો દીન–હીન પ્રાણી ક્યા ? આજ મને તારા દર્શન થાય છે અને મારૂ હૃદય આનન્દથી ઉભરાય છે આજ તને નિહાળતા મારા દિલમા હર્ષ સમાતો નથી !

Helpless and afflicted as I am, Thou hast, through sheer chance, come into my ken, during my aimless ramblings Oh almighty God ! be pleased !

卐

सन्तप्तस्यासहायस्य
भ्रमतो यत्र तत्र मे ।
अकस्मात् पथि दृष्टोऽसि
प्रसीद ! परमेश्वर ! ॥ २ ॥

卐

હું સન્તપ્ત અને અસહાય, જ્યાં ત્યાં રઝળીને દહાડા કાઢતો, આજ ભમતા ભમતા અકસ્માત્ તને દેખવા પામ્યો છું ! પ્રભુ ! પ્રસન્ન થા !

Thy sight is not easily available to unlucky creatures like myself But to-day as I behold Thee, good hopes are springing up in me

卐

मादृशानामभागाना
सुलभ दर्शन क्व ते ! ।
प्रसरन्ति शुभा आशा
अद्य त्वा पश्यतस्तु मे ॥ ३ ॥

卐

પ્રભુ ! મારા જેવા અભાગીયાને તારૂ દર્શન કયા પડ્યુ છે ! પણ આજ તારા દર્શન થતા મને–મારા હૃદયમા શુભ આશાઓ સ્ફુરી રહી છે

Thou art the best of all Kalpa-Vrakshas (wish-yielding trees) Thou art the highest of all precious or lustrous jewels Thou art worshipped even by gods To Thee it is a trifle to fulfil my objects

卐

कल्पद्रोरपि कल्पद्रु-
र्महतोऽपि मणेर्मणि ।
देवानामपि पूज्याऽसि
कियत् ते मम पूरणम् ! ॥ ४ ॥

卐

તુ કલ્પવૃક્ષનો પણ કલ્પવૃક્ષ છે, મહાન્ મણિનો પણ મણિ છે, તુ દેવોને પણ પૂજનીય છે તો મારા જેવાનુ પૂરણ કરવુ એ તને શા હિસાબમા !

Oh Lord, Thou thyself knowest well how pitiable I am ! and Thou art an ocean of mercy Oh Master ! I beseech Thee for Thy mercy

卐

स्वयं विश्वेश ! जानासि
कीदृगस्मि दयास्पदम् ।
दयारत्नाकरश्चासि
नाथ ! याचामि ते दयाम् ॥ ८ ॥

卐

હે વિશ્વેશ્વર ! હુ કેવો દયાપાત્ર છુ એ તારાથી અજાણ્યુ નથી જ અને તુ દયાનો મહાસાગર છે તો હે નાથ ! હુ તારી દયા યાચુ છુ

I bow down and cling to Thy lotus-like feet of high grandeur Oh Lord, shower Thy mercy on the fire of my misfortune

卐

लग्नोऽस्मि ते पदाम्भोजे
महामहिमशालिनि ।
कृपा वर्षतु ते स्वामिन् !
मद्दौर्भाग्यहुताशने ! ॥ ६ ॥

卐

પ્રભુ ! હું તારે શરણે આવ્યો છું—તારા મહામહિમશાલી ચરણોમાં બેઠો છું—તારે પગે વળગ્યો છું ઓ ! મારા સ્વામી ! હવે તારી કૃપા મારી દૌર્ભાગ્ય-જ્વાળા પર ન વરસે ? પ્રભુ ! જરૂર વરસવી જોઈએ.

I am scorched on the one hand by anxieties and am tortured on the other hand by worldly desires I am weak, poor and diseased Please, look at me

卐

मा दहत्येकतश्चिन्ता
वासना हन्ति चान्यतः ।
दुर्बलोऽस्मि दरिद्रोऽस्मि
रोगितोऽस्मि च पश्य ! माम् ॥ ७ ॥

卐

અને એક બાજુ ચિન્તા બાળી રહી છે, અને બીજી બાજુ વાસના સતાવી રહી છે હું દુર્બળ છું, દરિદ્ર છું, રોગી છું. પ્રભુ ! જરા મારી સામું જો !

I am intensely wrathful, though weak, very arrogant, though devoid of merit, extremely fraudulent, though unskilful, and ardently covetous, though wretched

卐

दौर्बल्येऽपि खर क्रोधो
नैर्गुण्येऽप्यभिमानिता ।
अदाक्ष्येऽपि महामाया
लोभो दौःस्थ्येऽपि मे महान् ! ॥ ८ ॥

卐

દુર્બલતા છતા ક્રોધ, નિર્ગુણતા છતા અભિમાન, કુશલતા ન છતા માયા અને દુઃસ્થ સ્થિતિ છતા લોભ મારામા ખૂબ જ ભર્યો છે—પ્રભુ !

There is no purity in my thoughts and I cannot bridle my speech my physical activities are also greatly uncontrolled How much should I narrate my agonies ?

卐

विचाराणा न मे शुद्धि-
वाणीसंयमनं न च ।
महानुच्छृङ्खल: काय:
किं ब्रुवे स्वविडम्बनम् ! ॥ ११ ॥

卐

મારામા નથી વિચાર-શુદ્ધિ કે નથી વાણીસંયમ, અને મારૂ કાયિક ચાપલ અત્યન્ત ઉચ્છૃંખલ ! મારી વિડંબના તે હું શુ બતાવુ ?

My senses are intoxicated my mind is excessively fickle and the waves of sensuous cravings, are every moment surging up in me

卐

ममेन्द्रियाणि मत्तानि
चञ्चलं च मनो भृशम् ।
ऊर्मयश्च विकाराणा-
मुच्छलन्ति क्षणे क्षणे ॥ १० ॥

卐

પ્રભુ ! શી વાત કરૂં ! ઇન્દ્રિયોની ઉદ્ધતતા અને મનની ચંચલતાથી બહુ જ વ્યથિત છું વિકારોની ઊર્મિઓનું ઉચ્છલન તો ક્ષણે ક્ષણે અકળાવી મૂકે છે

I preach to thousands of persons in an attractive style, but, alas ! I am not able to sermonize myself

卐

पर सहस्रानाकर्षत्-
प्रणाल्योपदिशाम्यपि ।
स्वकीय पुनरात्मानं
नोपदेष्टुं भयाम्यलम् ! ॥ १३ ॥

卐

હજારોને આકર્ષક શૈલીથી ઉપદેશ પણ કરૂ છુ, પણ મારા પોતાના આત્માને ઉપદેશ કરી શકતો નથી !

Oh, my Lord ! even though I have ta- the sweets of Thy doctrines, and have drunk the nectar of Thy all-pacifying speech, the torment of my worldly cravings does not cool down, ever-thirsty as I am !

卐

आस्वाद्य तव सिद्धान्त
पीत्वापि शम-भारतीम् ।
वासना-परितापो मे
न हो शाम्यति तृष्णज ॥ १२ ॥

卐

તારા સિદ્ધાન્તોના આસ્વાદન અને તારી શમવાહિની વાણીના પાન એ બધુ કર્યાં પછી પણ, હાય ! મારી લોલુપતા બની રહી છે ! પ્રભુ ! મારો વાસનામય પરિતાપ ઠંડો પડતો નથી

There is none except Thee, to console me who am miserably wandering in a formidable forest of infatuation Therefore, Oh God ! do not neglect me !

卐

मोहारण्य महाघोर
क्लिश्यमानस्य मेऽस्त ।
नान्य आश्वासक कश्चिद्
मावज्ञासीस्तदीश ! माम् ! ॥ १५ ॥

卐

જગદીશ ! મોહના મહાઘોર અરણ્યમા ક્લેશપૂર્ણ હાલતે રખડી રહ્યો છુ નથી કોઇ એવો (તારા સિવાય) જગતભરમા, કે જે આશ્વાસન આપી શકે તો ઓ ! દયાળુ દેવતા ! મને તરછોડ મા !

Selfish, untruthful, deceitful, immoral and covetous as I am, how can there exist in me the virtues like innocuousness veracity, probity, continence and non-covetousness ?

卐

स्वार्थवृत्ति—मृषावादि-
मयि दुःशील मूर्च्छित ।
अहिंसा सत्यमस्तेय
क्व मे ब्रह्मापरिग्रह ! ॥ १४ ॥

卐

પ્રભુ ! હુ સ્વાર્થી છુ, મૃષાવાદી અને દભી છુ, દુ શીલ અને લોલુભ છુ પછી એ સ્થિતિમા અહિસા, સત્ય, પ્રામાણિકતા, સયમ અને સન્તોષ જેવા ગુણોનો સગમ ક્યાથી જ હોય !

Oh Lord ! whatever I may be, I am Thy servant It does not behoove a master to be slack in emancipating his own servant

卐

यादृशस्तादृशो वाऽपि
देव ! दासोऽस्मि तावक ।
दासोद्धरणशैथिल्यं
स्वामिनो नहि शोभते ॥ १७ ॥

卐

દેવ ! જેવો-તેવો પણ હુ તારો દાસ છુ પછી, દાસનો ઉદ્ધાર કરવામા શિથિલતા રાખવી એ સ્વામીને છાજે કે ?

I trust in Thee as my lord, and bear devotion towards Thee but alas ! I do not put in practice Thy preachings, even though I know that they lead to true happiness !

卐

स्वामिन् श्रद्दधामि त्वां
त्वयि भक्तिं वहामि च ।
न तु ते वचनं कुर्वे
जानन्नपि सुखावहम् ॥ २६ ॥

卐

તને સ્વામી તરીકે બરાબર સદ્દહું છું અને તારે વિષે ભક્તિ પણ એટલી જ ધરાવું છું પણ, તારા કહ્યા પ્રમાણે મારે ચાલવું જોઇએ તેમાં જ મોટું મીંડું છે જો કે હું બરાબર સમજું છું કે તારો ઉપદેશ તેના પાલકને બિલ્કુલ સુખ તરફ લઇ જાય છે છતાં, હાય ! મારાથી તે અમલમાં મૂકાતો નથી

Having approached Thy threshold, I am crying out for my miseries But if Thou wert to close Thy ears, Oh, my Lord! what would be my fate?

卐

पूत्करोमि तव द्वार-
मुपस्थाय स्वदुर्दशाम् ।
त्वं चेत् पिधास्यसे कर्णौ
का गतिर्मे भविष्यति ? ॥ १९ ॥

卐

તારે બારણે આવી ખડો થયો છુ અને મારી દુર્દશાનો પોકાર કરી રહ્યો છુ તુ જો તારા કાન બંધ રાખે તો મારી શી વલે થાય ?

Thou art endowed with infinite knowledge, highest strength and unlimited mercy Thou hast saved many sinners why, then, art Thou apathetic towards me ? Why art Thou loath to look at me ?

卐

ज्ञान पूर्ण परा शक्ति-
रनन्तस्ते दया-रस ।
बहुनुद्धर पापान्
मत्कृते विमुखोऽसि किम् ! ॥ १८ ॥

卐

તુ જ્ઞાનથી પૂર્ણ છે, અને પરમ શક્તિમાન્ છે તારી દયાલુ વૃત્તિનો પાર નથી ઘણા ઘણા પાપીઓને તે ઉદ્ધર્યા છે પછી, મારી વખતે તુ આમ ઉદાસીન કેમ ? મારે માટે તારી આ પરાઙ્મુખતા કેવી ?

How is it that I am in such a [miserable] plight, even though I have got a master like Thee over my head ? Oh well-doer ! is this not quite incongruent ? How art Thou to reconcile this ?

卐

शीर्षे मे त्वादृश स्वामी
दशा मे पुनरीदृशी ! ।
असम्भाव्यमिद शम्भो !
कथ घटयितासि नु ? ॥ २१ ॥

卐

મારે માથે તારા જેવો સ્વામી અને મારી આ દશા ? ઓ ! મારા નાથ ! આ અસભવિત નથી ? આ ઘટનાનો મેળ તુ કેવી રીતે બેસાડે છે ?

Even greater sinners than myself seem to be enjoying happiness How is it that Destiny is so callous in its treatment of me?

卐

मत्तोऽप्यधिकपाप्मानो
दृश्यन्ते सुखशालिनः ।
निष्ठुरव्यवहारेण
विधिर्मय्येव वर्तते ॥ ॥ २० ॥

卐

મારાથી પણ અધિક પાપકારી લોકો સુખી જોવામા આવે છે, પછી વિધિનુ વર્તન મારી તરફ જ આટલુ નિષ્ઠુર કેમ હશે ?

I know that every soul is itself responsible for its own actions One has to undergo the result of what is done by him The course of nature can never be changed

卐

जानामि स्वयमेवाऽस्ति
कर्त्ता भोक्ता च चेतन ।
स्वकृतं खलु भोक्तव्य
नान्यथा प्रकृतिक्रम ॥ २३ ॥

卐

હું એ જાણું છું કે, ચેતનસ્વરૂપ આત્મા પોતે જ કર્ત્તા તથા ભોક્તા છે અને પોતાના કર્યા પોતે ભોગવવા પડે પ્રકૃતિનો ક્રમ અન્યથા ન થાય

I know that Thou art beyond all attachment, Thou ownest nothing as Thine and Thou art impartial towards all, or possessed of supreme tranquillity or equanimity And yet I am fully sanguine that my request to Thee will not be fruitless

卐

जानेऽहं वीतरागोऽसि
निर्ममोऽसि समोऽसि च ।
तथापि श्रद्दधे याद
नाफलं मे निवेदनम् ॥ २२ ॥

卐

હું જાણું છું કે તું વીતરાગ છે, તને કયાય મમતા નથી, તું સર્વત્ર સમ છે તેમ છતા મારી એ અચલ શ્રદ્ધા છે કે, મારૂ નિવેદન અફલ નહિ જાય

If I put in practice Thy preachings, i e, I advance on the path of rectitude, exactly, surely I would be happy Otherwise, there is none, in the whole universe, who may be a bestower of happiness



यदि ते वचन कुर्या
सुखी स्या नियमादहम् ।
नान्यथा कोऽपि विश्वेऽपि
विश्वस्य सुखदायक ॥ २९ ॥



જો તારા ઉપદેશ પ્રમાણે ચાલુ તો હુ જરૂર સુખી થાઉ એ નક્કી વાત છે અને એ સિવાય, સુખી થવાનો બાજો કોઇ રસ્તો પણ નથી દુનિયામા એમજ કોઇ સુખ આપનાર મળી જાય એ બિલ્કુલ અસભવિત છે

But even from my wailings before Thee, I derive happiness It pleases my mind, and the very pleasure of the mind is Thy grace

卐

परन्त्वाक्रन्दमेऽपि स्यात्
सुखं मे पुरतस्तव ।
प्रसीदति मनोऽनेन
प्रसादस्ते तदेव च ॥ २४ ॥

卐

પરન્તુ તારી આગળ આક્રન્દન કરતા પણ મને સુખ થાય છે એથી મન પ્રસન્ન થાય છે અને મનની [સાત્ત્વિક] પ્રસન્નતા એજ તારી પ્રસન્નતા છે આત્મપ્રસાદ એજ પરમાત્મપ્રસાદ

If I put in practice Thy preachings, i e, I advance on the path of rectitude, exactly, surely I would be happy Otherwise, there is none, in the whole universe, who may be a bestower of happiness

卐

यदि ते वचन कुर्यां
सुखी स्या नियमादहम् ।
नान्यथा कोऽपि विश्वेऽपि
विश्वस्य सुखदायक ॥ २९ ॥

卐

જો તારા ઉપદેશ પ્રમાણે ચાલુ તો હુ જરૂર સુખી થાઉ એ નક્કી વાત છે અને એ સિવાય, સુખી થવાનો બીજો કોઇ રસ્તો પણ નથી દુનિયામા એમજ કોઇ સુખ આપનાર મળી જાય એ બિલ્કુલ અસભવિત છે

But even from my wailings before Thee, I derive happiness It pleases my mind, and the very pleasure of the mind is Thy grace

卐

परन्त्वाक्रन्दनेऽपि स्यात्
सुखं मे पुरतस्तव ।
प्रसीदति मनोऽनेन
प्रसादस्ते तदेव च ॥ २४ ॥

卐

પરન્તુ તારી આગળ આક્રન્દન કરતા પણ મને સુખ થાય છે એથી મન પ્રસન્ન થાય છે અને મનની [સાત્વિક] પ્રસન્નતા એજ તારી પ્રસન્નતા છે આત્મપ્રસાદ એજ પરમાત્મપ્રસાદ

If I put in practice Thy preachings, i e, I advance on the path of rectitude, exactly, surely I would be happy Otherwise, there is none, in the whole universe, who may be a bestower of happiness

卐

यदि ते वचन कुर्या
सुखी स्या नियमादहम् ।
नान्यथा कोऽपि विश्वेऽपि
विश्वत्र सुखदायक ॥ २९ ॥

卐

જો તારા ઉપદેશ પ્રમાણે ચાલુ તો હુ જરૂર સુખી થાઉ એ નક્કી વાત છે અને એ સિવાય, સુખી થવાનો બીજો કોઇ રસ્તો પણ નથી દુનિયામા એમજ કોઇ સુખ આપનાર મળી જાય એ બિલ્કુલ અસભવિત છે

To-day, on having seen Thee, the Great Soul the Eternal joy incarnate, my poverty has vanished and my diseases have abated

卐

गत ममाऽद्य दारिद्र्य
रोगा सर्व पलायिता ।
दृष्टे त्वयि महानन्द-
मये परम आत्मनि ॥ २८ ॥

卐

આજ હું એ ઉલ્લાસ અનુભવુ છુ, જાણે કે પરમ આનન્દરૂપ પરમ આત્માના દર્શન થતા મારૂ દારિદ્રય હવે ગયુ અને મારા બધા રોગો દૂર થયા

To day my merit has bloomed and my sins have fled Let my devotion to Thee be instrumental in the attainment of disattachment from the phenomenal world, so that through this disattachment, the purpose of Salvation may be fulfilled

卐

अद्य प्रोल्लसितं पुण्य
पापं पातालमव्रजत्।
त्वद्भक्त्या भवनिर्वेदो
भूयान्मे शिव-सम्पदे ॥ २९ ॥

卐

પ્રભુ ! આજ મારા પુણ્ય જાગ્યા–ખિલ્યા, મારા ભાગ્ય ઉઘડયા અને પાપ તો પાતાળે ગયા ! ઓ ! મારા સ્વામી ! તારી ભક્તિ મને ભવવૈરાગ્યના પરિણામ પર લઇ જાય એજ ઇચ્છુ છુ, જેથી નિ શ્રેયસનો માર્ગ મને સરળ થાય

I bow down to Thee, Oh, my dearest God ! again and again and pray with hands folded - May I continuously pass on the meritorious path, the path of the high-souled men, being unshaken at the approach of any obstruction !

卐

नत्वा नत्वा पुनर्नत्वा
प्रार्थये त्वां कृताञ्जलि ।
सम्यक् सञ्चरमाण स्या-
मस्खलन्नार्यवर्त्मनि ! ॥ ३० ॥

卐

ભગવન્ ! વાર વાર તને નમન કરૂ છુ અને હાથ જોડી એજ પ્રાર્થું છુ કે, આર્ય પથ પર–સન્માર્ગ પર મારી ગતિ બિલ્કુલ સ્ખલિત થયા વગર સમ્યક્ પ્રકારે ચાલુ રહે !

Oh my lord, this is my entreaty to Thee: May my feebleness disappear ! and may I be so strengthened that I may never lose my mental balance at the time of happiness and misery ! and may I be resolutely veracious, and intent upon serving the miserable !



क्षीयता पामरत्वं मे !
सहिष्णुश्च सुखासुखम् ! ।
भूयास सत्यनिष्ठावान !
सेवाकारी च दु खिनाम् ! ॥ २१ ॥



પ્રભુ ! તારા ચરણોમા હુ એજ માગુ છુ કે, મારી પામરતા દૂર થાય અને હુ સુખ-દુખને સહન કરી શકુ ! તેમજ સત્ય પર અડગ રહેવા સાથે દુખિઓનો સેવાકારી બનુ !

निर्मोहावरणोऽनुपाधिरमलो विश्वप्रकाशः प्रभु—
स्तुष्टो न प्रियमादधाति न पुनः रुष्टोऽप्रियं कस्यचित् ।
चेतोरागनिवारणेन सफलः भूयान्ममाऽऽक्रन्दन
तोषस्तस्य तु आत्मनो भगवतः सम्पद्यतामुज्ज्वलः ! ॥ ३२ ॥



God, who is free from the veils of infatuation, who is without worldly bondage, who is pure or unsullied and who is the Light of the universe becomes neither pleased, nor displeased with anybody and for this very reason He does neither good nor harm to any

Let my 'wailings' be fruitful in getting rid of the diseases of the mind and may I attain the pure satisfaction of the soul which is virtually identified with that of the Supreme Soul ! Or, may my soul which (every soul) is positively (in its real nature) the Divinity, attain pure satisfaction !



મોહના આવરણથી વિમુક્ત, નિરુપાધિ અને નિર્મળ એવો વિશ્વપ્રકાશરૂપ ભગવાન્ નથી કોઇ પર તુષ્ટ થતો, કે નથી કોઇ પર રુષ્ટ થતો–તુષ્ટ થઇને તે કોઇનુ સારુ કરી દેતો નથી, તેમજ રુષ્ટ થઇને કોઇનુ બુરુ કરતો નથી

મારૂ ' આક્રન્દન ” માનસ રોગોને નિવારવામા સફલ થાઓ ! અને, ઉર્જ્વલ આત્મસન્તોષ, કે જે વસ્તુત ભગવત્પ્રસાદ છે, મને પ્રાપ્ત થાઓ !

[ઇશ્વરનુ સૃષ્ટિ કર્તૃત્વ ઘટિત ન છતા, સમ્માનનીય કે ગૌરવાર્હ વ્યક્તિની આગળ જેમ પ્રસગે સ્વામિત્વ, કૃપા કે કર્તૃત્વ એમનામાં આરોપીને વિનય કરવામાં આવે છે, તેમ, ઇશ્વર પ્રત્યે કર્તૃત્વના આરોપનો વિનય માનુષિક મનોવૃત્તિ સદાકાળથી કરતી આવી છે એ મનુષ્ય સ્વભાવની એક સાહજિક વૃત્તિ હોય તેમ માલૂમ પડે છે આમ, દાર્શનિકવાદ અને ભક્તિવાદ વચ્ચેનો ઝઘડો સરલતાથી શાન્ત પાડી શકાય છે]

इति

पूज्यपाद-गुरुदेव

शास्त्रविशारद-जैनाचार्य श्री विजयधर्मसूरि-

शिष्य-

मुनि न्यायविजय-विरचिता

दीनाक्रन्दन-द्वात्रिंशिका ।

ધર્મની ભૂખ

ધર્મની ભૂખ હોય ત્યાં ધર્મશાળાનો પ્રશ્ન ગૌણ રહે છે એવો વ્યક્તિ પોતાની તે ભૂખને તૃપ્ત કરવા પાછળ જ પ્રયત્નશીલ રહે છે. તે સમજે છે કે, અમે તે શાળામાં ભૂખને સંતોષી શકાય છે, પછી, શાળાની 'બડાઇ' મારવાનો અર્થ શું ? પણ માણસને જ્યારે બીજી બાબતની જેમ એ બાબતનો અહંકાર વળગે છે, ત્યારે ધર્મશાળાનો ઉદ્દેશ જે ધર્મસેવનનો છે તેને તે ભૂલી જાય છે, અગર ભૂલાડી દે છે, અને ધર્મનો પૂજક મટી ધર્મશાળાનો પૂજક બની રહે છે સુગ્ય દાયો બધા પાડોશી છે અને પાડોશી–ધર્મ જો સમજાય તો તે બધા વચ્ચે કેવો સરસ મેળ બધાય પોતાની શાળાની વિશેષતા હોય, અગર સગવડ વધુ હોય તો જરૂર પોતાના પાડોશીને તે જણાવવી જોઇએ પણ તે નમ્રપણે અને વત્સલ ભાવે એટલુ જ નહિ, તેનો લાભ લેવાનુ દિશાસૂચન પણ અવશ્ય પ્રેમાળ ભાવે કરવુ જોઇએ ચાહે કોઇ ધર્મશાળા કોઇ વિશેષતાને અંગે મોટી ગવાતી હોય, પણ એના મુસાફિરને "ભૂખ"જ ન હોય, અગર તે ભૂખને સંતોષવામાં સાવધ ન હોય, તો મહાશાળાના નિવાસી તરીકેની અથવા મહા-શાળાના ઝંડાધારી તરીકેની છાપ વડે તેનો દહાડો નહિ વળવાનો, જ્યારે ન્હાની શાળાનો ઉતારુ પણ પોતાની "ભૂખ"ને બરાબર સંતોષતો હશે, તો પોતાના જીવનને જરૂર પુષ્ટ બનાવશે

ન્યાયવિજય

ધર્મ ન ઓળખ્યો હોય તો॰

સ્વર્ગ-નરકાદિ પરલોક માનવા જેટલી બુદ્ધિ ત હોય તે સ્થિતિમા પણ ધર્મની આવશ્યકતા અને ઉપયોગિતા અબાધિત રહે છે કારણ એ છે કે, એ ખરેખર જ પ્રત્યક્ષ પરિણામકારક વસ્તુ છે જેમ જલ, ખોરાક આદિનુ દેહ॰ પ્રદેશમા સ્પષ્ટ પરિણામ છે, તેમ ધર્મચર્યાનુ મનોભૂમિ પર સ્પષ્ટ પરિણામ છે મનની વિકૃત દશાનુ સશોધન અથવા સત્ય, સયમ, અનુકમ્પા આદિ ભવ્ય ગુણોથી જીવનનુ સસ્કરણ એજ તત્ત્વત ધર્મ વસ્તુ છે એ જીવનની સ્વાભાવિક વસ્તુ છે, એ જીવનની સાચી સ્થિતિ છે એ કઇ સ્વર્ગ-નરકાદિ વિષયોની દાર્શનિક ફિલસુફી પર અવલબિત નથી સુખની ચાવી ત્યાંથી જ લાધે એ વગર સુખશોધના તમામ પ્રયત્નો વ્યર્થ જાય, દુ ખરૂપમા જ પરિણમે

શ્રી ન્યાયવિજયજી

क्रन्दनम् ।

Man is the architect of his fortune "

—न्यायविजयः ।